# ધોરણ - ૧૦

## વિષય – સંસ્કૃત

## સ્વાધ્યાય

### પાઠ – ૪

# साक्षीभूतः मनुष्यः



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

# ૭. साक्षिभूत : मनुष्य :

1) ઘટેલી ઘટના વખતે જડ પદાર્થો પોતાની કઈ ભૂમિકા ભજવતા હોય છે?
-> તે નિષ્ક્રિય હોવાથી કશું જ કરતા નથી

2) કયા પ્રકારના પ્રાણીઓ ઘટનાના અવાજથી ભયભીત થઈ ભાગી જતા હોય છે?
-> ગાય, હરણ વગેરે પ્રાણીઓ

3) ઘટનાના સાક્ષી બનેલા મનુષ્યની પ્રથમ પ્રતિક્રિયા કઈ હોય છે?
-> પીડિતના દુઃખથી દુઃખી થવાની

4) રસ્તા પરની દુર્ઘટનાઓ માટે પ્રથમ પરીબળ કયું છે?
-> યાતાયાતનાં સાધનો

## શબ્દાર્થ

साक्षिण :- સાક્ષીજન / પુરાવો આપનાર
के - કોણ
भवन्ति - થાય છે
संवदत :- કહેવા લાગ્યા
भ्रात :- ભાઈ
प्रस्तर :- પથ્થર
पशव :- પ્રાણીઓ
भिन्नम - જુદું / અલગ
उत्पितात - ઉત્પન્ન થયેલા
धावन्ति - દોડે છે

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



पशुरेव - पશુ સમાન
त्रिविधम - ત્રણ પ્રકારના
कानि - કયા
अन्यस्य - બીજાનું
निर्वाह - પાલન
औषधालय - દવાખાનું
दातव्यम - આપોને
बोधप्राप्ति :- જ્ઞાન મેળવવું
त्रुटि - ઉણપ

## અનુવાદ

(માર્ગમાં બનતી દુર્ઘટનાના સાક્ષીઓ કોણ કોણ થાય છે અને તેઓ શું શું કરે છે, એ વિષયના સંબંધમાં પુનીત અને સુનીત વાર્તાલાપ કરે છે.)

પુનીત :- ભાઈ! માર્ગ પર ક્યારેક દુર્ઘટનાઓ પણ બને છે. તેમાં ઘણું કરીને પથ્થર વગેરે જડ પદાર્થો, ગાયો વગેરે પશુઓ અને માણસો એમ ત્રણ સાક્ષીઓ બને છે. શું તું જાણે છે કે બનેલી દુર્ઘટનાના સંબંધમાં આ ત્રણેય જુદો જુદો વ્યવહાર કરે છે.

સુનીત :- હું નથી જાણતો. પહેલાં કહો કે પથ્થર વગેરે શું કરે છે?

પુનીત :- પથ્થર વગેરે તો જડ છે; તેઓ ભલે ક્રિયા કરવા શક્તિમાન નથી હોતા. એથી તેઓ તેમ જ રહે છે.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

સુનીત :- ચેતનાવાળાં પશુઓ અને પક્ષીઓ શું કરે છે?

પુનીત :- આ બધા ઘટનાથી ઊઠેલા ધ્વનિથી ભય અનુભવે છે. આથી તેઓ ઘટનાના સ્થળથી દૂર ભાગે છે.

સુનીત :- તમે સાચું કહો છો. ગાય વગેરે પશુઓ તો બુદ્ધિરહિત છે. પરંતુ કોઈ બુદ્ધિવાળો માણસ પણ જો ઘટનાના સ્થળથી દૂર ભાગી જાય તો તે પશુ જ છે.

પુનીત :- હકીકતમાં તો મનુષ્ય જો મનુષ્યની માફક વર્તે, તો તે દુર્ઘટનાનો સાક્ષી બનીને ત્રણ પ્રકારનું કાર્ય કરે છે.

સુનીત :- તે ત્રણ પ્રકારનાં કાર્યો કયાં કયાં છે?

પુનીત :- પહેલું કાર્ય છે દુઃખનો અનુભવ. મનુષ્ય જ દુઃખ વડે દુઃખી અને સુખ વડે સુખી થવાને યોગ્ય છે. આથી દુર્ઘટનાને લીધે પીડામાં ઘેરાયેલા દુઃખી માણસો ને જોઈને માણસે દુઃખની અનુભૂતિ કરવાની હોય છે. ખરેખર જે એવા બુધને જોતો હોવા છતાં પણ દુઃખ અનુભવતો નથી, તે માણસ નથી, પરંતુ તે તો પથ્થર જ છે. કારણ કે પથ્થર ક્યારેય બીજાનું દુઃખ અનુભવતો નથી.

સુનીત : તમે બરાબર કહો છો. મેં પણ મોરે ભાગે દુર્ઘટનાથી ઘેરાયેલા અજાણ્યા માણસને જોતાં દુઃખ અનુભવ્યું છે. બીજું કાર્ય શું છે?

પુનીત : બીજું કાર્ય તો છે કર્તવ્યનું પાલન. દુર્ઘટનાથી ઘવાયેલા માણસને તરત જ દવાખાને પહોંચાડવાનો હોય છે, જેથી તેનો યોગ્ય સારવાર થાય. ત્યાં જઈને ક્યારેક તેને જો લોહીની જરૂર હોય તો તેને પોતાનું લોહી પણ આપવાનું છે

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

તેના પરિવારને સૂચના આપવાની હોય છે, જેથી તેના પરિવારના લોકો હવાખાને આવીને તેના ખાસ સહાયક બની શકે. દુર્ઘટનાના સાક્ષી મનુષ્યનું આવું કર્તવ્ય છે. બધા માણસોએ આ કર્તવ્ય બજાવવાનું જ હોય છે.

સુનીત: ત્રીજું કાર્ય શું છે, જે ઘટનાના સાક્ષી બનેલા માણસને કરવું જોઈએ?

પુનીત: ત્રીજું કાર્ય છે બોધ મેળવવાનું. માણસે હંમેશા બોધની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવાનો હોય છે. જ્યારે આપણે કોઈ દુર્ઘટનાના સાક્ષી બનીએ છીએ ત્યારે કર્તવ્ય બજાવતા, દુઃખ અનુભવતા (આપણે) તે દુર્ઘટનામાંથી કાંઈક બોધ મેળવવાને લાયક છીએ. કારણ વિના દુર્ઘટના થતી નથી. તેમાં કોઈક માણસની ભૂલ કારણ હોય છે. તે ભૂલ જાણવી જોઈએ. ત્યારપછી તેવી ભૂલ હું ક્યારેય નહીં કરું એવો બોધ મેળવવાનો હોય છે.

સુનીત: તમે યોગ્ય કહ્યું. ઘટનાના સાક્ષી બનવા છતાં, કર્તવ્યનું પાલન કરતા હોવા છતાં, દુઃખને અનુભવતા હોવા છતાં પણ જો આપણે બોધપાઠ ન પ્રાપ્ત કરીએ, તો આપણે મનુષ્યો નથી.

## સ્વાધ્યાય

પ્ર. 1.

1) के स्वयं क्रियां कर्तुं समर्थाः न सन्ति ?

→ प्रस्तराः

2) गवादयः पशवः कीदृशाः भवन्ति?

→ निर्बुद्धयः

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

3) दुर्घटनाग्रस्तः जनः कुत्र नेतव्यः ?
-> औषधालयम्

4) घटनायाः उत्थितेन ....... भयमनुभवन्ति ।
-> ध्वनेः

5) साक्षिभूतेन मनुष्येण सदैव किमर्थं प्रयत्नः करणीयः ?
-> पीडितप्राप्तये

6) कः परस्य दुःखेन दुःखितः भवितुमर्हति ?
-> मनुष्यः

7) साक्षिभूतस्य मनुष्यस्य द्वितीयं कार्यं किम् अस्ति ?
-> कर्तव्यस्य निर्वाहः

प्र. 2.

1) दुर्घटनायाः साक्षिणः के भवन्ति ?
-> प्रायः प्रस्तरादयः जडपदार्थाः, गवादयः पशवः, मनुष्याः च इति त्रयः दुर्घटनायाः साक्षिणः भवन्ति ।

2) घटनया उत्थितात् ध्वनेः भीताः पशवः किं कुर्वन्ति ?
-> घटनया उत्थितात् ध्वनेः भीताः पशवः घटनास्थलात् दूरे धावन्ति ।

3) दुर्घटनायाः कारणं किं भवति ?
-> दुर्घटनायाः कारणं कस्यचित् जनस्य त्रुटिः भवति ।

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

4) कर्तव्यस्य निर्वाहः कस्य कार्यमस्ति ?
-> कर्तव्यस्य निर्वाहः मनुष्यस्य कार्यमस्ति ।

प्र.3.

1) भूत्वा :- भू (1 प.) धातोः सम्बन्धकं भूतकृदन्तम् (त्वान्तम् अव्ययम्)

2) संगत्य :- सम् + गम् (1 आ.) धातोः सम्बन्धकं भूतकृदन्तम् (ल्यबन्तम् अव्ययम्)

3) करणीय :- कृ (8 उ.) धातोः विध्यर्थ कृदन्तम्

4) दातव्यम् :- दा (1 प., 3 उ.) धातोः विध्यर्थ कर्मणि कृदन्तम्

5) भवितुम् :- भू (1 प.) धातोः हेत्वर्थकं तुमन्तम् अव्ययम्

6) प्राप्तव्य :- प्र + आप (5 प.) धातोः विध्यर्थ कृदन्तम्

प्र.4.

1) मनुष्याश्चेति = मनुष्याः + च + इति
2) प्रस्तावादयस्तु = प्रस्तावादयः + तु
3) मानवोऽपि = मानवः + अपि
4) निर्वहन्तोऽपि = निर्वहन्तः + अपि
5) पशुरेव = पशुः + एव
6) यतो हि = यतः + हि

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

प्र. 5.

1) जडपदार्था: साक्षिण: भवन्ति।
→ जडपदार्था: - जडा: पदार्था:- कर्मधारय समास:

2) अत: घटनास्थलात् दूरं धावन्ति।
→ घटनास्थलात् - घटनाया: स्थलम्, तस्मात् - षष्ठी तत्पुरुष समास:

3) दुर्घटनाग्रस्तं दु:खितं जीवं पश्यन् जन: किं कुर्यात्।
→ दुर्घटनाग्रस्तम् - दुष्टा घटना - दुर्घटना - प्रादि तत्पुरुष;
दुर्घटनया ग्रस्त:, तम् - तृतीया तत्पुरुष समास:

प्र. 6. 1) पशव: ध्वनेः भयमनुभवन्ति।
→ पशव: कस्मात् भयमनुभवन्ति ?

2) मनुष्यै: कर्तव्यस्य निर्वाह: करणीय:।
→ कै: कर्तव्यस्य निर्वाह: करणीय:?

3) विना कारणं दुर्घटना न भवति।
→ विना कारणं का न भवति ?

4) दुर्घटनाया: बोधं प्राप्तुम् अर्हाम:।
→ दुर्घटनाया: कम् प्राप्तुम् अर्हाम:?

Scanned with OKEN Scanner

प्र.7.

1) કારણ વિના દુર્ઘટના થતી નથી.
-> कारणं (कारणेन कारणात् वा) विना दुर्घटना न भवति।

2) આપણાં ત્રણ કર્તવ્યો છે.
-> अस्माकं त्रीणि कर्तव्यानि सन्ति।

3) પથ્થરો અચેતન હોય છે.
-> प्रस्तराः अचेतनाः भवन्ति।

4) માણસ સુખ અને દુઃખનો અનુભવ કરે છે.
-> मानवः सुखं च दुःखं च अनुभवति।

प्र. 8.

1) દુર્ઘટનાના સાક્ષી કોણ કોણ બને છે?
-> દુર્ઘટનાના સાક્ષી મોટે ભાગે પથ્થર વગેરે જડ પદાર્થો, ગાયો વગેરે પશુઓ અને માણસો બને છે.

2) કયા મનુષ્યની પશુમાં ગણના થાય?
-> કોઈ બુદ્ધિમાન મનુષ્ય પણ જો દુર્ઘટનાના સ્થળથી દૂર ભાગી જાય, તો તેની પશુમાં ગણના થાય.

3) દુર્ઘટનાના સાક્ષી બનેલા માણસનાં ત્રણ કર્તવ્યો કયાં કયાં છે?
-> દુર્ઘટનાના સાક્ષી બનેલા માણસનાં આ ત્રણ કર્તવ્યો છે: (1) દુઃખની અનુભૂતિ, (2) કર્તવ્યનો નિર્વાહ કરવો અને (3) બોધની પ્રાપ્તિ

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education
shikshansagar.com

Page
Date

4) કયા મનુષ્યને પથ્થર સાથે સરખાવવામાં આવ્યો છે? શા માટે?

→ દુર્ઘટનાના સાક્ષીરૂપ બનેલા માણસો દુર્ઘટનાથી ઘવાયેલા દુઃખી માણસ જોઈને દુઃખનો અનુભવ કરતાં હોઈએ. જે આવા માણસને જોતા હોવા છતાં દુઃખનો અનુભવતાં નથી તે પથ્થર છે. જેમ કે પથ્થર ક્યારેય કોઈના દુઃખને અનુભવતો નથી.

Scanned with OKEN Scanner

# HIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )


## એપ્લીકેશન ની વિશેષતા

| | |
|---|---|
| આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે . | ૧. ટીચર ૨. વિદ્યાર્થી ૩. ટીચર હેલ્પ ડેસ્ક |

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION